॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૦૪ | મંગળવાર | તા.: ૧૩.૧૨.૨૦૨૨ | SDP No. : 964 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

ભૂપેન્દ્ર પટેલ સરકાર સત્તારૂઢ : ચાર મંત્રી રિપીટ

રાજ્ય મંત્રીમંડળ- ૨૦૨૨

ક્રમ	નામ	હોદ્દો	વિષય ફાળવણી
૧.	શ્રી ભૂપેન્દ્ર પટેલ	મુખ્યમંત્રીશ્રી	સામાન્ય વહીવટ, **વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન**, ગૃહ અને **પોલીસ હાઉસીંગ**, મહેસૂલ અને **આપત્તિ વ્યવસ્થાપન**, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, પંચાયત, માર્ગ અને મકાન અને **પાટનગર યોજના**, ખાણ અને ખનિજ, **યાત્રાધામ વિકાસ**, નર્મદા અને **કલ્પસર**, બંદરો, માહિતી અને પ્રસારણ, નશાબંધી અને આબકારી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, **તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો**
	કેબીનેટ મંત્રીશ્રીઓ		
૨.	શ્રી કનુભાઇ મોહનભાઇ દેસાઇ	મંત્રીશ્રી	નાણા, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ
૩.	શ્રી ઋષિકેશભાઇ પટેલ	મંત્રીશ્રી	આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો
૪.	શ્રી રાઘવજીભાઇ પટેલ	મંત્રીશ્રી	કૃષિ, પશુપાલન, **ગૌસંવર્ધન** , મત્સ્યોદ્યોગ, **ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ**,
૫.	શ્રી બળવંતસિંહ રાજપુત	મંત્રીશ્રી	ઉદ્યોગ, લઘુ, શુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, **કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ**, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર
૬.	શ્રી કુંવરજીભાઇ બાવળીયા	મંત્રીશ્રી	જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને **ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો**
૭.	શ્રી મુળુભાઇ બેરા	મંત્રીશ્રી	પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ
૮.	ડો. કુબેરભાઇ ડીંડોર	મંત્રીશ્રી	આદિજાતી વિકાસ, **પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ**
૯.	શ્રીમતી ભાનુબેન બાબરીયા	મંત્રીશ્રી	સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ
	રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ		
૧૦.	શ્રી હર્ષ સંઘવી	રા. ક. મંત્રીશ્રી	રમત ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, **ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા** (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્ય કક્ષા)
૧૧.	શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)	રા. ક. મંત્રીશ્રી	સહકાર, **મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકોલ**, (તમામ સ્વંતત્ર હવાલો), લઘુ, શુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, **કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ**, નાગરિક ઉડ્ડયન (રાજ્ય કક્ષા)
૧૨.	શ્રી પરષોત્તમ સોલંકી	રા. ક. મંત્રીશ્રી	મત્સ્યોદ્યોગ અને **પશુપાલન**
૧૩.	શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ	રા. ક. મંત્રીશ્રી	પંચાયત, કૃષિ
૧૪.	શ્રી મુકેશભાઇ જે. પટેલ	રા. ક. મંત્રીશ્રી	વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા
૧૫.	શ્રી પ્રફુલ્લભાઇ પાનસેરીયા	રા. ક. મંત્રીશ્રી	સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ
૧૬.	શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર	રા. ક. મંત્રીશ્રી	અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા
૧૭.	શ્રી કુંવરજીભાઇ હળપતી	રા. ક. મંત્રીશ્રી	આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ

નવી સરકારમાં માત્ર એક જ મહિલાને મંત્રી મડળમાં સ્થાન

ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રી મંડળમાં આ વખતે માત્ર એક જ મહિલાને સમાવવામાં આવ્યાં છે. રાજકોટના ભાનુબેન બાબરિયાને મંત્રીપદ અપાયું છે. ઉલ્લેખનીય છે કે, ભૂપેન્દ્ર પટેલની ગત ટર્મમાં બે મહિલાઓને મંત્રી મંડળમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

મંત્રી મંડળમાં જ્ઞાતિ-જાતિ

પાટીદાર-૪ (૨- કડવા- ૨ લેઉવા) બ્રાહ્મણ-૧, જૈન-૧, દલિત-૧, ક્ષત્રિય-૧, ઓબીસી-૬ (ત્રણ કોળી પટેલ, ૧ પંચાલ, ૧-આહીર, ૧-ઠાકોર), આદિવાસી-૩

મંત્રી મંડળમાં પ્રદેશ

દક્ષિણ ગુજરાત-૫, સૌરાષ્ટ્ર-૫, મધ્ય ગુજરાત-૪, ઉત્તર ગુજરાત-૩

૧- દંડક, ૩-નાયબ દંડક

બાળકૃષ્ણ પટેલ (મુખ્ય દંડક)- વડોદરા
વિજય પટેલ (નાયબ દંડક)- ડાંગ
જગદીશ મકવાણા (નાયબ દંડક)-વઢવાણ
રમણસિંહ સોલંકી (નાયબ દંડક)- બોરસદ

કરીમનગર (તેલંગાણા) માં મિશન અભિમન્યુ ના સાપ્તાહિક બાળ સંસ્કાર કેન્દ્ર નું આયોજન

મિશન અભિમન્યુ - અધૂરો નહી પરિપૂર્ણ

શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ, કરીમનગર (તેલંગણા) દ્વારા આજ રવિવાર તા. 11-12-2022 ના રોજ મિશન અભિમન્યુ ના સાપ્તાહિક બાળ સંસ્કાર કેન્દ્ર માં આજ દરેક બાળકે અલગ અલગ શ્લોક પોતે પોતાની જાતે બોલીને સંભળાવેલ - 18 બાળકોએ ગીતાના અધ્યાય ઓ કંઠસત કરી આવીને સંભળાવેલ - બધા બાળકો ની માતાઓ હાજર રહી પોત પોતાના બાળકોને સાંભળીને ઉત્સાહિત થયા હતા.

મેંટોર બહેનો :
શ્રીમતિ માયાબેન ચંદ્રકાંત રામાણી
શ્રીમતિ પ્રીતિબેન અનીલ ચૌધરી
શ્રીમતિ કલ્પનાબેન નટવર દિવાણી
શ્રીમતિ રશીલાબેન જગદીશ વાસાણી
શ્રીમતિ ચંદ્રીકાબેન વિનોદ હળપાણી
સંયોજક :
કોમલબેન રવાણી (કરીમનગર)

રાજનાંદગાવ માં મિશન અભિમન્યુ

તા. 11/12/23 ના રાજનાંદગાંવમા મિશન અભિમન્યુ - નું દ્વિતીય ચરણ બાલસંસ્કાર કેંદ્ર નુ સત્ર લેવામાં આવ્યુ. હજુ સુધી માં સમાજ ના ૪૫ થી ૫૦ બાળકો હર્ષોલ્લાસ થી દરેક સત્ર માં જોડાઈ શિક્ષણ પ્રાપ્ત કરે છે. જેમા ઐરોબીક્સ, ઊંનાદ, ધ્યાન, વક્તવ્ય (જેના કર્મ તે જ ભોગવે), શ્લોક ,આરતી ,રમત - ગમત , રાષ્ટ્રગાન કરાવવામા આવ્યુ. બાળકો ને સંસ્કાર શિક્ષણ ની સેવા આપનાર બહેનો છે.... ચંચલબેન, હેમલતાબેન, હેતલબેન તથા મીનાબેન.

કોલકતા જે ઊગતા સુરજ નાં કિરણો નાં પ્રદેશ માં વિરાણી ગામ નું સ્નેહમિલન

હાલે કલકત્તા વસતા મૂળ વિરાણી વાસીઓ નુ સ્નેહમિલન તા.11-12-2022 ના રોજ સવારના 9.00 થી બપોર 4.00 વાગ્યા સુધી સમાજ વાડી મધ્યે આયોજન કરેલ.

જેમાં વિરાણી સમાજ મા ચાલતી પ્રવૃત્તિઓ ની ચર્ચા કરવામા આવી. નૂતન સમાજ ભવન ની નિર્માણ માટે ના ભાવી આયોજન ની પણ ચર્ચા વિચારણા કરવામા આવેલ. જેમા હાજર સભ્યોએ સુંદર પ્રતિભાવ આપેલ.

મિલન દરમિયાન પરિવાર પરિચય, રમતગમત તેમજ બપોર ના સમૂહ ભોજન નુ પણ આયોજન કરવામા આવેલ હતુ.

- જેન્તીલાલ ખેતાણી,
કારોબારી સભ્યશ્રી, વિરાણી સમાજ

મંત્રી મંડળમાં કચ્છ ફરી એકવાર હાલ તુરત રહી જશે બાકાત ?

સંભવિત મંત્રીઓમાં કચ્છના કોઈ પણ નેતાનું નામ સંભળવા મળતું નથી

ગાંધીનગર તા. ૧૨

ગુજરાતના આજે રચાવા જઇ રહેલા નવા મંત્રી મંડળમાં કોણ કોણ મંત્રી બનવા જઇ રહ્યા છે તેના અણસટે નામો અખબારોમાં જોવા મળી રહ્યા છે. તેમાં કચ્છના કોઈ નવનિર્વાચિત ધારાસભ્યનું નામ જોવા મળતું નથી, તેથી કચ્છમાં નિરાશા છવાઇ છે.

જો કે ગઈકાલે સાંજ પછી માંડવીના અનિરૂદ્ધ દવે મંત્રી બની શકે છે તેવી વાત ફેલાઈ હતી, તેથી કચ્છમાં ખુશીની લહેર ફરી વળી હતી. પરંતુ આજે જે ૧૭ નામો માધ્યમોમાં જોવા મળ્યા છે તેમાં દવેનું નામ જોવા મળ્યું નથી. જાણવા મળે છે તેમ આજે ભૂપેન્દ્ર પટેલની સાથે ૧૭ મંત્રીઓ પણ શપથ લેવાના છે. તેમના નામ માધ્યમોમાં ચમકયાછે. જો કે તે સત્તાવાર છે કે અનુમાનિત તેની કોઈ સ્પષ્ટતા નથી. જેમને મંત્રી બનાવવાના હશે તેમને રવિવારે ફોન કરવામાં આવશે એવા બિનસત્તાવાર અહેવાલ આ પહેલાં હતા. જે ૧૭ નામ આજે માધ્યમોમાં જોવા મળ્યા છે તે ધારાસભ્યોને થયેલા ફોનને આધારે પ્રસિદ્ધ થયા છે કે, અનુમાનિત છે તે હજી સ્પષ્ટ થયું નથી. પરંતુ નવા ૧૭ મંત્રીઓ શપથ લેવાના છે તેવા અહેવાલો વચ્ચે આ ૧૭ નામ પ્રસિદ્ધ થયા છે ત્યારે એવું અનુમાન થઈ રહ્યું છે કે કચ્છ આ વખતે હાલતુરત ફરી એકવાર બાકાત રહી જઈ શકે છે.

જે ૧૭ નામો જાહેર થયા છે તેમાં દક્ષિણ ગુજરાતના માંડવીના ધારાસભ્ય કુંવરજી હળપતીનું નામ છે, તેથી કચ્છના માંડવીનો ચાંસ લાગી રહ્યાનું અનમાન થયું હોઈ શકે છે.

ગત રોજ ગાંધીનગર માં ગુજરાત ના સી.એમ. ભુપેન્દ્ર પટેલ સાહેબ (દાદા) બીજી ઇનીગ ની શપથ વિધિ સમારોહ માં માં વલસાડ ના યશસ્વી ધારાસભ્ય, ભરતભાઈ પટેલ તેમજ ગુંદલાવ ગામના પ્રથમ સરપંચ નાગરિક નીતિનભાઈ પટેલ તેમજ તેમની સાથે ગુંદલાવ ગામના BJP ના કાર્ય કરતા તેમજ સર્વોદય ગ્રુપ ના કરછી પ્રફુલ રુડાણી સાથે હાજરી આપી હતી.

ભારતીય રેલવે | જિયાપર-માધાપર વચ્ચે જૂનો પુલિયો તોડી નવો બનાવવા ધમધમાટ

અંતે દેશલપર પછી નલિયા સુધી બ્રોડગેજ રેલવે લાઈનનું કામ પુરજોશમાં શરૂ કરાયું

▪ જેસીબી અને ડમ્પરો કામે લગાવી રાત-દિવસ કામ શરૂ કરાતા લોકોમાં આશા જાગી

લાંબા સમયથી બંધ પડેલા ભુજ-નલિયા રેલવે પ્રોજેકટના કામમાં આખરે ગતિ આવી છે.દેશલપર સુધી કામ પૂર્ણ થયા બાદ રેલવે પાટા પાથરવાની કામગીરી આગળ ધપાવવામાં આવી છે જ્યાં નખત્રાણાના માધાપર-જિયાપર નજીક જૂનો પુલિયો નડતો હોવાથી તેને તોડીને નવો બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.જે રીતે કામ આગળ વધી રહ્યું છે તે જોતા લોકોની આંખોમાં પણ ફરી એકવાર આશાનો વિશ્વાસ બંધાયો છે.

કચ્છમાં હાલ ભુજ સુધી જ રેલવે સેવા છે,પશ્ચિમ કચ્છના માંડવી અને નલિયા વિસ્તારને રેલવે સાથે જોડવા માટે અવારનવાર માંગણીઓ કરવામાં આવે છે પણ માત્ર આશ્વાસન સિવાય કાંઈ મળતું નથી. નલિયામાં વર્ષ 1982માં રેલવે સેવા મંજુર થઈ અને 1983માં ટ્રેન શરૂ થઈ હતી પણ થોડા સમય સુધી ટ્રેન શરૂ રહ્યા બાદ બંધ થઈ ગઈ હતી.

છેલ્લા ત્રણ દાયકાથી સેવા બંધ હોવાથી કરોડોના ખર્ચે ઉભી કરાયેલી સુવિધા પણ ખખડી પડી છે.તેવામાં થોડા વર્ષો અગાઉ ભુજ-નલિયા વચ્ચે બ્રોડગેજની જાહેરાત કરાઈ હતી તેમાં દેશલપર સુધી 25 ટકા કામ પૂર્ણ થઈ જતા માલગાડીનું પરિવહન થઈ રહ્યું છે આ પ્રોજેક્ટ પૂર્ણ થયો નથી ત્યાં જ રેલવે વાયોર અને કોટેશ્વર સુધી ટ્રેન દોડાવવાના દાવા કરે છે.હાલમાં નખત્રાણા તાલુકાના માધાપર અને જિયાપરની વચ્ચે આવેલ જૂના જર્જરિત પુલને તોડીને નવો બનાવવામાં આવી રહ્યો છે.

જેસીબીની મદદથી રસ્તો ક્લિયર કરાઈ રહ્યો છે તેમજ ડમ્પરોની સતત અવરજવરના કારણે આ માર્ગ કામના ધમધમાટથી જીવંત થયો છે.બાદમાં અહીં કાંકરી પાથરી રેલવેના પાટા પાથરવામાં આવશે.જે ગતિએ મજૂરો કામે લગાવીને કામ કરવામાં આવી રહ્યું છે તે જોતા ઝડપથી કામ પૂર્ણ થતાં રેલ સેવા ધમધમતી થવાની આશા લોકોમાં જાગી છે. નલિયા સુધી રેલવે શરૂ થાય તો આ વિસ્તારના લોકો, ઉદ્યોગો અને સંરક્ષણ ક્ષેત્રને પણ મોટો ફાયદો થાય તેમ છે.

માર્ચ 2024 સુધીમા કામ પૂર્ણ કરવાનું આયોજન

« કચ્છ માટે મહત્વના એવા ભુજ-નલિયા બ્રોડગેજ માટે સરકાર દ્વારા 150 કરોડની ફાળવણી કરવામાં આવી રહી છે,હાલમાં કામ પુરતા માનવબળ અને સંસાધનો સાથે આગળ વધી રહ્યું છે.માર્ચ 2024 સુધીમા સમગ્ર કામ પૂર્ણ કરવાની અમારી ધારણા છે »
આદિશ પટ્ટણીયા, મેનિંગ રેલવે મેનેજર નાંધીધામ

2008-09ના રેલવે બજેટમાં પ્રોજેક્ટ મંજુર થયો હતો

છેક 2008-09 ના કેન્દ્રિય રેલવે બજેટમાં આ પ્રોજેક્ટ મંજુર કરાયા બાદ કોઈ નક્કર કામગીરી કરાઈ ન હતી. પીપીપીના વાંકે પ્રોજેક્ટ અટકી ગયો હતો. કુલ 321 કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટમાં માર્ચ-2022 સુધી રેલવે એ 126 કરોડ ખર્ચીને 30 કિ.મી.ની લાઈન પાથરી દીધી છે. હજુ પણ 60 થી વધુ કિ.મી.ની પાથરવાની બાકી છે. રેલવેને 2024 સુધી કામ પૂર્ણ કરવાની આશા છે.

અવસાન નોધ

સ્વ. સેજબાઈ જીવરાજ ચોપડા
ઉમર : 82 વર્ષ | તા. 11-12-2022
કચ્છ માં : રાજપર | હાલે ગામ : ડોમ્બીવલી મુંબઈ
અવસાન નું કારણ ઉમરને કારણે

સ્વ. મણીબેન મુળજીભાઈ પંજવાણી
ઉમર : 70 વર્ષ | તા. 11-12-2022
કચ્છ માં : ખોભડી | હાલે : નાગપુર (મહારાષ્ટ્ર)

સ્વ. પાર્વતીબેન કાનજીભાઈ નાયાણી
ઉમર : 87 વર્ષ | તા. 12-12-2022
કચ્છ માં : કોટડા (જડોદર) (સ્થાનિક)

H.K. DOORS

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા–દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા–અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪